# ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઈન્ડિયાની સ્ટેન્ડઅલોન આવકમાં ૨૩ ટકા વૃધ્ધિ

## ચોખ્ખા નફામાં ૧૪.૫ ટકા વૃધ્ધિ, ૨૦૨૩ માટે છ માસિક પરિણામો જાહેર

ગુજરાત મિરર, મુંબઈ તા.૧

ભારતની અગ્રણી સંકલિત સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઈડર ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ આજે Q2 અને H1/FY'23 માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે.

આ પરિણામો અંતર્ગત સ્ટેન્ડઅલોન પર્ફોમન્સ હાઈલાઈટ્સઃ H1 FY2023ની તુલના H1 FY2022 કરીએ તો કંપનીની રૂ.૧૬૫૮ કરોડની આવક કામગીરીમાંથી, વાર્ષિક ધોરણે ૨૩% વૃધ્ધિ નોંધાવવામાં આવી છે. જયારે EBITDA H1 FY2022માં ૧૮૬ કરોડની સરખામણીમાં રૂ.૨૧૪ કરોડ, EBITDA માર્જિન FY2022ના H1માં ૧૩.૮૨% ની સરખામણીમાં ૧૨.૯૨% પર, PAT H1 FY2022માં ૧૧૭ કરોડની તુલનાએ રૂ.૧૩૪ કરોડ રહ્યો છે. ઉપરાંત કોન્સોલિડેટેડ પર્ફોમન્સ હાઈલાઈટ્સઃ H1 FY2023ની તુલના H1 FY2022 માટે જોઈએ તો રૂ.૧૮૩૬ કરોડની ઓપરેશન્સ દ્વારા આવક, વાર્ષિક ધોરણે ૨૧%ની વૃદ્ધિ નોંધાઈ છે. જયારે EBITDA H1 FY2022માં ૧૯૮ કરોડની સરખામણીએ રૂ.૨૩૬ કરોડ EBITDA માર્જિન FY2022ના H1માં ૧૩.૦૨%ની સરખામણીમાં ૧૨.૮૬% પર PAT H1 FY2022માં ૧૨૪ કરોડની સરખામણીએ રૂ.૧૫૧ કરોડ નોંધાયો છે. પરિણામ પર ટિપ્પણી કરતાં TCIના મેનેજિંગ ડિરેક્ટર વિનીત અગ્રવાલે જણાવ્યું હતું કે કંપનીએ ચર અને HY FY23માં સાતત્યપૂર્ણ પ્રદર્શન દર્શાવ્યું હતું. ઓટોમોબાઈલ અને વપરાશ ક્ષેત્રોમાં વધતી માંગ સાથે મુખ્ય બિઝનેસ ફંડામેન્ટલ્સ પર ફોકસ કરવાથી તમામ બિઝનેસ સેગમેન્ટ્સ સંતોષકારક ડિલિવરી કરવામાં સક્ષમ બન્યા છે.